પોલીસ કમિશ્નરની કચેરી, અમદાવાદ શહેર.
શાહીબાગ,અમદાવાદ
વિશેષ શાખા, કચેરી ટેલીફોન નં-૦૭૯૨૫૬૩૩૪૦૦.
Email:Spl1-ahd@gujarat.gov.in

-: જાહેરનામું :-

ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને ૧૯૭૩ (૧૯૭૪ ના નં.૨) ની કલમ-૧૪૪ અન્વયે કાઢેલ હુકમ:

ક્રમાંક: વિ.શા./જાહેરનામું/એ-સેકશન/પરમીટ/ ૫૩/ ૨૦૨૧, તા- ૦૭/૦૪/૨૦૨૧

સુધારા હુકમ:- ૦૧

વંચાણે લીધા:- ૦૧.ગુજરાત સરકાર ગૃહવિભાગના પત્ર ક્રમાંક: વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ તા. ૦૬/૦૪/૨૦૨૧ આધારે.
૦૨. અત્રેની કચેરીના નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/ ૫૩/ ૨૦૨૧.તા.૩૧/૦૩/૨૦૨૧

સમગ્ર દેશમાં COVID-19 ની અસરોને ધ્યાને લેતા નેશનલ ડીઝાસ્ટર મેનેજમેન્ટ ઓથોરીટીના નિર્દેશો મુજબ કેન્દ્રીય ગૃહ મંત્રાલયના તા.૨૩/૦૩/૨૦૨૧ ના હુકમ ક્રમાંક: 40-3/2020-DM-I(A) તથા રાજ્યમાં COVID-19 ની અસર કેટલાક શહેરોમાં વધારે વર્તાઈ રહી છે. આ બાબતની ગંભીરતાને ધ્યાને લેતા નામદાર હાઈકોર્ટ દ્વારા તા.૦૬.૦૪.૨૦૨૧ ના રોજ રાજ્ય સરકાર દ્વારા અસરકારક પગલા લેવા સુચન કરવામાં આવેલ છે. જે અન્વયે ગુજરાત સરકારના ગૃહ વિભાગના ક્રમાંક : વિ-૧/ કઅવ/ ૧૦૨૦૨૦/ ૪૮૨ (પા.ફા.) તા.૦૬/૦૪/૨૦૨૧ ના હુકમથી તા.૦૭.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ અમલમાં રહે તે રીતે Guideline for effective control of COVID-19 અમલમાં મુકવામાં આવેલ છે. ઉકત માર્ગદર્શિકા ઉપરાંત નિયત પ્રવૃતિઓ માટે કેન્દ્રીય ગૃહ મંત્રાલયો/ વિભાગો તેમજ રાજ્ય સરકાર દ્વારા નિયત કરવામાં આવેલ SOP નું તમામે ચુસ્તપણે પાલન કરવાનું રહેશે. જે અનુસંધાને કોરોના સંક્રમણની હાલની પરિસ્થિતી ધ્યાને લેતા રાજ્ય સરકારે નીચે મુજબ નિર્ણય કરેલ છે.જેથી અત્રેની કચેરીના જાહેરનામાં નંબર-વિ.શા/ જાહેરનામું/ એ-સેક્શન/ ૫૩/ ૨૦૨૧.તા.૩૧/૦૩/૨૦૨૧ માં જરૂરી ફેરફાર કરી સુધારા હુકમ કરવો જરુરી જણાય છે.

આથી હું સંજય શ્રીવાસ્તવ, પોલીસ કમિશ્નર, અમદાવાદ શહેર, ગુજરાત સરકારના ગૃહ વિભાગ ના તા.૦૮/૧૧/૧૯૮૨ ના નોટીફીકેશન નં.જીજી/૪૨૨/ સીઆરસી/૧૦૮૨/એમ તથા ગૃહ વિભાગના તા.૦૭/૦૧/૧૯૮૯ ના સંકલીત જાહેરનામાં નં.જીજી/ ફકઅ/૧૦૮૮/૬૭૫૦/મ અન્વયે મને મળેલ સત્તાની રૂએ ફોજદારી કાર્યરીતી અધિનિયમ સને-૧૯૭૩ (૧૯૭૪ના નં.૨) ની કલમ-૧૪૪ મુજબ તા.૦૭/૦૪/૨૦૨૧ ના કલાક ૦૦/૦૦ વાગ્યાથી તા.૩૦/૦૪/૨૦૨૧ ના કલાક ૨૪/૦૦ વાગ્યા સુધી જાહેરનામું પ્રસિધ્ધ કરી નીચે મુજબ સુધારા હુકમ કરૂ છું:

-:હુકમ:-

(૧) તા.૧૦.૦૪.૨૦૨૧ થી લગ્ન/સત્કાર સમારંભમાં બંધ કે ખુલ્લી જગ્યામાં ૧૦૦ થી વધુ વ્યક્તિઓ એકઠા કરી શકાશે નહી. આ દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.

(૨) તા.૦૭.૦૪.૨૦૨૧ થી તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી રાજકીય,સામાજીક અને અન્ય મેળાવડા પર સંપુર્ણ પ્રતિબંધ રહેશે.

(3) કોઇપણ GATHERING માં ૫૦ થી વધુ વ્યક્તિઓ એ એકત્ર થઈ શકશે નહી. આ GATHERING દરમિયાન કોવિડ સબંધિત અન્ય માર્ગદર્શક સુચનાઓ યથાવત રહેશે.

(૪) ખેત ઉત્પાદક બજાર સમિતિઓએ પણ કોવિડ-૧૯ અંગેની માર્ગદર્શક સુચનાઓનો ચુસ્ત પણે પાલન કરવાનું રહેશે.

(૫) તા.૩૦.૦૪.૨૦૨૧ સુધી તમામ સરકારી કચેરીઓ તમામ શનિ/રવિ માં બંધ રહેશે. સરકારી કચેરીઓમાં ખુબજ અગત્યની કામગીરી હોય તો જ મુલાકાતીઓને પ્રવેશ આપવાનો રહેશે.

નોંધ:- બાકીની સુચનાઓ મુળ જાહેરનામાં મુજબની યથાવત રહેશે.

<u>-:વિસ્તાર:-</u>

અમદાવાદ શહેર પોલીસ કમિશ્નરેટ હકુમત હેઠળનો સમગ્ર વિસ્તાર.

<u>-:શિક્ષા:-</u>

આ હુકમનો ભંગ કરનાર અથવા ઉલ્લંઘન કરનાર ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, **The Disaster Management Act, 2005** ની કલમ ૫૧ થી ૬૦ ની જોગવાઈઓ મુજબ શિક્ષાને પાત્ર થશે.

<u>-:જાહેર વિજ્ઞાપન:-</u>

હું આથી આદેશ આપું છું કે, આ હુકમની જાહેરાત નિર્દેશ કરેલ વિસ્તારોમાં સહેલાઇથી દેખી શકાય તેવી જગ્યાઓએ તેની નકલો ચોંટાડી, લાઉડ સ્પીકર વાહન દ્વારા તેમજ અમદાવાદ શહેર પોલીસના તમામ **Social media** એકાઉન્ટસ ઉપર તેમજ સ્થાનિક વર્તમાન પત્રો, આકાશવાણી અને દુરદર્શન કેન્દ્રો ઉપરથી બહોળી પ્રસિધ્ધી કરાવવી.

આ હુકમ અન્વયે અમદાવાદ કમિશ્નરેટમાં ફરજ બજાવતા અનાર્મ હેડ.કોન્સ્ટેબલ અને તેનાથી ઉપરના દરજ્જાના કોઇ પણ પોલીસ અધિકારીશ્રીઓને આ જાહેરનામાંનો ભંગ કરનાર ઇસમો સામે ભારતીય ફોજદારી અધિનિયમ સને-૧૮૬૦ ની કલમ ૧૮૮, અને લાગુ અન્ય કાનૂની જોગવાઈઓ સહિત, The Disaster Management Act, 2005 ની કલમ ૫૧ થી ૬૦ મુજબ ફરીયાદ માંડવા માટે અધિકૃત કરવામાં આવે છે.

આજ તા.૭/૦૪/૨૦૨૧ ના રોજ મારી સહી અને સિક્કા કરી આપેલ છે.

(સંજય શ્રીવાસ્તવ)
પોલીસ કમિશ્નર
અમદાવાદ શહેર

<u>નકલ સવિનય રવાના:</u>

(૧) અગ્ર સચિવશ્રી, ગુજરાત રાજય, ગાંધીનગર, ગુજરાત સરકાર.

(૨) અધિક મુખ્ય સચિવશ્રી, ગુજરાત રાજય, ગૃહ વિભાગ, ગાંધીનગર.

(૩) પોલીસ મહાનિર્દેશક અને મુ.પો.અધિ.શ્રી,ગુ.રા, ગાંધીનગર.

(૪) અધિક પો.મહાનિદેશકશ્રી(ઈન્ટે), ગુ.રા, ગાંધીનગર.

(૫) પોલીસ કમિશનરશ્રી, સુરત, વડોદરા, રાજકોટ શહેર.

(૬) મ્યુનિસિપલ કમિશનરશ્રી, અમદાવાદ શહેર.

(૭) નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,દાણાપીઠ,અમદાવાદ શહેર.

(૮) કલેકટરશ્રી, અમદાવાદ શહેર.

(૯) નિયામકશ્રી, માહિતી ખાતુ, ગુ.રા, ગાંધીનગર.

(૧૦) સંયુકત માહિતી નિયામકશ્રી, બેરેક નં-૦૩, આંબાવાડી, પોલીટેકનીક, અમદાવાદ શહેર.

(૧૧) રજીસ્ટ્રારશ્રી, હાઈકોર્ટ, ગુ.રા, અમદાવાદ શહેર.

(૧૨) રજીસ્ટ્રારશ્રી, સિવિલ અને સેશન્સ કોર્ટ, અમદાવાદ શહેર.

(૧૩) રજીસ્ટ્રારશ્રી, સેશન્સ કોર્ટ, મીરઝાપુર, અમદાવાદ શહેર.

(૧૪) ચીફ મેટ્રોપોલીટન મેજીસ્ટ્રેટશ્રી, અમદાવાદ શહેર.

(૧૫) સિનિયર સરકારી વકીલશ્રી, અમદાવાદ શહેર.

(૧૬) સંયુકત/ અધિક પોલીસ કમિશનરશ્રી, સેકટરટર-૧,૨/ ક્રાઈમ બ્રાંચ/ મુખ્ય મથક/ ટ્રાફીક શાખા.

(૧૭) મેનેજરશ્રી, ગર્વમેન્ટ પ્રેસ અને સ્ટેશનરી ડીપાર્ટમેન્ટ વડોદરા તરફ ગેજેટ ભાગ-૦૧ માં પ્રસિધ્ધ કરવા સારૂ તેમજ પાંચ નકલો અત્રે વિશેષ શાખાને મોકલી આપવી, અમદાવાદ શહેર.

(૧૮) તમામ નાયબ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૧૯) નાયબ પોલીસ કમિશનરશ્રી (ઈન્ટે), અમદાવાદ શહેર.

(૨૦) તમામ મદદનીશ પોલીસ કમિશનરશ્રીઓ, અમદાવાદ શહેર.

(૨૧) જનસંપર્ક અધિકારીશ્રી, (સ્થાનિક વર્તમાન પત્રો તેમજ આકાશવાણી અને દુરદર્શન કેન્દ્ર ઉપરથી જાહેરાત કરવા)

(૨૨) તમામ પો.ઈન્સશ્રીઓ,અમદાવાદ શહેર.( જાહેર જગ્યાઓએ નકલો ચોંટાડી લાઉડ સ્પીકર વાહન દ્વારા જાહેરાત કરાવવા સારૂ)

(૨૩) મદદનીશ પોલીસ કમિશનરશ્રી, એસ.ઓ.જી, અમદાવાદ શહેર.

(૨૪) પો.ઈન્સશ્રી, રેલ્વે એસ.ઓ.જી, કાલુપુર રેલ્વે સ્ટેશન, અમદાવાદ શહેર.

(૨૫) પો.ઈન્સશ્રી, અમદાવાદ રેલ્વે સ્ટેશન.

(૨૬) પો.સબ.ઈન્સશ્રી, સાબરમતી રેલ્વે સ્ટેશન.

(૨૭) પો.ઇન્સ.શ્રી કોમ્પ્યુટર શાખા, પોલીસ કમિશ્નરશ્રીની કચેરી (C.P. Ahmedabad website ઉપર પ્રસિધ્ધ કરવા સારૂ.

(૨૮) મ.પો.કમિ.શ્રી સાયબર ક્રાઈમ (અમદાવાદ શહેર પોલીસના તમામ Social Media પ્લેટફોર્મ પર પ્રસિધ્ધ કરવા સારૂ)